

બીજાની જિંદગીમાં માથું મારવું એ આપણો શોખ તો નથી ને?



> કોઈની જિંદગીમાં માથું મારવાનો અર્થ એ છે કે તમે તેની પ્રાઈવસીમાં દખલ કરી રહ્યાં છો, જે તદ્દન ખોટું છે. કોણે કેવાં કપડાં પહેર્યાં છે, કોણ કેટલા વાગે ઘેર પરત આવે છે કે કોના ઘરમાં કોની આવનજાવન રહે છે. આ વાતોનું ધ્યાન રાખવાથી આપણને કોઈ ફાયદો નથી. છતાં આપણી જે કુટેવ છે બીજાની જિંદગીમાં માથું મારવાની તે કામ કરે છે

''અરે, સાંભળો પેલા પાડોશી માસ્તરની દીકરી છે ને, ભાગી ગઈ.''

''આપણા મહોલ્લામાં રહેતાં કનુબાઈની દીકરી છે ને, એ રોજ રાતે મોડી ઘેર આવે છે. ખબર નહિ, એવું તો શું કામ કરે છે?''

''પેલા રોહનભાઈની વાઈફને જુઓ કેટલી બની-ઠનીને રહે છે. કાકાના અવસાનને હજુ પાંચ દાહડા પણ થયા નથી.''

''ઋત્વીને જુઓ, આજે બોસની સાથે મીટિંગ છે, એમાં તો નવાં કપડાં અને ઓવર મેક-અપ ને પછી સેન્ટ-બેન્ટ છાંટીને આવી છે.''

આ પ્રકારની વાતો આપણી આસપાસ પણ થાય છે અને આ રોજની વાત છે. ક્યારેક જાણેઅજાણ્યે તો ક્યારેક જાણી જોઈને. તો ક્યારેક ટાઈમપાસ અને ફન તરીકે આપણે મોટે ભાગે બીજાઓના જીવનમાં માથાં મારીએ છીએ અને તેમના જીવનમાં ચંચુપાત કરીએ છીએ અને એ ધીમે ધીમે આપણી આદત અને સ્વભાવ બની જાય છે. શું તમે તો આવા લોકોમાં નથી આવતાં ને?

આ માનવીય સ્વભાવનો એક હિસ્સો છે. આપણે જિજ્ઞાસાવશ લોકોના વિશે જાણવા ઈચ્છીએ છીએ. આ જિજ્ઞાસા જ્યારે હદથી વધુ વધી જાય છે, તો તે અકારણની માથાકૂટમાં પરિવર્વિત થઈ જાય છે.

મોટે ભાગે આપણી કમજોરી છુપાવવા માટે આપણે બીજાઓમાં ખામીઓ શોધવા માંડીએ છીએ. આપણે એમ માનીએ છે કે આપણે તો પર્ફેક્ટ છીએ! આપણાં બાળકો પણ શિષ્ટ, સંયમી છે, બીજાઓમાં જ ખામીઓ છે. બીજાઓ પ્રત્યે અભિપ્રાય બાંધવો સૌથી આસાન લાગે છે. આપણે સમજ્યાવિચાર્યા વગર તેને જજ કરવા લાગીએ છીએ અને પછી આપણને આ કાર્ય મજેદાર લાગવા માંડે છે. માનવીના સ્વાભાવમાં ઈર્ષ્યા પણ હોય છે. કોઈની વધુ પડતી કામયાબી, કાબેલિયત આપણાથી સહન નથી થતી, તો આપણે એના જીવનમાં માથું મારીને તેની કમજોરીઓ શોધી તેને નીચો પાડીએ છીએ.

અમર ખૂબ જ હોંશિયાર અને પ્રામાણિક અને કામ પ્રત્યે ચીવટ ધરાવતો છોકરો. નોકરીમાં ચઢતાંની સાથે એના બોસે એની આવડત પારખી લીધી અને બધી અગત્યની મીટિંગમાં સામેલ કરી વધુ હોંશિયાર બનાવી દીધો. બાજુવાળો મિતેશ પણ એ જ કંપનીમાં નોકરીએ લાગ્યો. તે અમરનાં બધાં કાર્યો પર નજર રાખતો. બોસ એને જે અગત્યતા આપતા તે એનાથી સહન ન થતું. એની ઈર્ષ્યા કરવા લાગ્યો. એક વાર એ બે દિવસની રજા પર રહ્યો તો બોસને જઈને કહેવા લાગ્યો, ''અમર તમારી આગળ સારો થાય છે બાકી બદમાશ નંબર વન છે. આપણી કંપનીને બદલે બીજી કંપનીનો માલ વેચે છે. તમને એ ડૂબાડશે...! કાવાદાવામાં હોંશિયાર છે.'' બોસ તો આ સાંભળી છક થઈ ગયા. કોઈ પણ જાતની તપાસ કર્યા વગર તેને નોકરીમાંથી છૂટો કરી દીધો.

જોયું, આવા વિઘ્નસંતોષી માણસોને બીજાની જિંદગીમાં માથું મારવાનો કેવો શોખ હોય છે. એક આદત પડી ગઈ હોય છે.

કેટલીક વાર બીજાઓ માટે અભિપ્રાય બાંધવો સૌથી આસાન લાગે છે. અમારા મહોલ્લામાં રહેતાં મનુબા આખો દિવસ ઓટલે બેસીને જતાંઆવતાં બધાંને જોયા કરે. એક કુંવારી છોકરી મહોલ્લામાં ભાડે ઘર રાખીને રહેવા આવી. મનુબા એને ઘેર આવતાંજતાં બધાંની ચોકી કરે.

મનુબા એક દિવસ બાજુવાળી મીનુમાસીને કહેવા લાગી, ''આ ભાડૂત ચારિત્ર્યની બહુ સારી લાગતી નથી. એને ઘેર પુરુષોની અવરજવર બહુ છે. આપણે જાણવું જોઈએ. નહીં તો આપણાં બાળક પર અસર પડશે. મનુમાસી અને મીનુમાસી ગયાં ત્યારે એ બહેને કહ્યું, ''અઠવાડિયું રહીને મારા ધામધૂમથી લગન છે. તેથી તેની તૈયારી માટે ઘરના અને બહારના માણસો આવે છે.'' આમ ખોટી ધારણા બાંધનાર પાડોશી ઝાંખા પડી ગયાં.

કોણે કેવાં કપડાં પહેર્યાં છે, કોણ કેટલા વાગે ઘેર પરત આવે છે કે કોના ઘરમાં કોની આવનજાવન રહે છે. આ વાતોનું ધ્યાન રાખવાથી આપણને કોઈ ફાયદો નથી. છતાં આપણી જે કુટેવ છે બીજાની જિંદગીમાં માથું મારવાની તે કામ કરે છે.

અમારા ફ્રેન્ડ સર્કલમાં અનુ શર્માના પતિ શર્માજી ગુજરી ગયા. બધાં મળી આવ્યાં પણ અનુને સજીધજીને બેઠેલી જોઈ અમે આશ્ચર્યમાં પડી ગયાં. ત્યારે અમે અનુને એક મિત્ર તરીકે કહ્યું કે પતિ મરી ગયાને આવાં કપડાં પહેરાય? ત્યારે તેની બહેને કહ્યું કે તેના જીજાજી શર્માજી બેહદ જિંદાદિલ અને ખુશમિજાજ માનવી હતા અને તે નહોતા ઈચ્છતાં કે તેમના નિધન પછી કોઈ દુઃખી થઈને આંસુ વહાવે બલકે હસી-ખુશીથી તેમને યાદ કરે એટલે બધાંએ નિર્ણય લીધો કે બધાં તેમની ઈચ્છાનું સન્માન કરે.

બીજી એક વાત કોઈની જિંદગીમાં માથું મારવાનો અર્થ એ છે કે તમે તેની પ્રાઈવસીમાં દખલ કરી રહ્યાં છો, જે તદ્દન ખોટું છે. માત્ર ખોટું જ છે એવું નથી બલકે કાનૂની ગુનો પણ બને છે.

તો વાચકમિત્રો -આ સંસારમાં એવી ઘણી વ્યક્તિઓ છે જેમને અન્યના જીવનમાં માથું મારવાની મસ્ત આદત હોય છે જે બિલકુલ અયોગ્ય અને ગેરકાનૂની છે. આ માત્ર થોડાં ઉદાહરણો છે પરંતુ આમાં ક્યાંક ને ક્યાંક આપણી બધાની સચ્ચાઈ છુપાયેલી છે. બહેતર એ રહેશે કે આપણે બહેતર અને સમજદાર માનવી બનીએ કેમ કે આપણાંથી જ તો પરિવાર, પરિવારથી સમાજ, સમાજથી દેશ અને દેશથી દુનિયા બને છે, જેથી આપણી વિચારધારા જેવી હશે, એવી જ આપણી દુનિયા પણ હશે, આપણી દુનિયાને બહેતર બનાવવા માટે વિચારધારાને પણ બહેતર બનાવવી પડશે.

સુવર્ણરજ

* બીજાઓ અંગે જાણવાની પળોજણ ત્યાગો...
* ખુદને તે વ્યક્તિની જગ્યા પર મૂકી જુઓ....
* સૌથી પહેલાં આપણે જ આપણાં સંસ્કાર જોવાં જોઈએ...!